HEALTH CARE

# POSITIVE EXPRESS

LET'S NOT BE POSITIVE, STAY POSITIVE



કોરોનાનાં સમયની
કેટલીક **પોઝિટીવ**
કહાનીઓ-જે તમને
જીવવાનો જુસ્સો
આપશે...

નેગેટિવિટીથી દૂર
જરૂર રહીએ...
પણ સાવચેત રહીએ!

SURAT, FRIDAY, 30/04/2021 | અંક : 11







Address : 8th Flr, Kashi Plaza, Opp. Dayalji Ashram, Majura Gate, Surat. Ph. No. 7573013130, 7573013132

# આપણે પોઝિટીવ નથી થવાનું પણ પોઝિટીવ રહેવાનું છે...

કોરોનાની બીજી લહેરે આપણને સૌને ધ્રુજાવી દીધા છે. એક ડોક્ટર તરીકેની આટલા વર્ષોની કેરિયરમાં મારે પહેલીવાર દર્દીઓને 'ના' પાડવી પડી છે. રેમડેસિવીરની લાંબી લાઇનો, સ્મશાનની લાંબી લાઇનો, હોસ્પિટલમાં બેડ મેળવવા માટેની લાંબી લાઇનો અને હવે ઓક્સિજન મેળવવા માટે આખું શહેર લાઇનમાં ઊભું રહ્યું છે-કટોકટીનાં આવા સમયે શ્વાસની સાથે-સાથે ઘણાંની હિમત પણ ખૂટી રહી છે.

આપણે પોઝિટીવ નથી થવાનું પણ પોઝિટીવ રહેવાનું છે. આપણે ડરવાનું પણ છે અને છતાં હિમતથી સામનો પણ કરવાનો છે. આપણે બધી જ સાવચેતી જાળવવાની છે. પોઝિટિવિટીનો અર્થ એ નથી કે બધું જ સલામત છે-એવું ધારી લઇએ. હોસ્પિટલમાં નહીં મળી રહેલા બેડ, ખૂટી રહેલો ઓક્સિજન એ વાસ્તવિકતા છે. એનાંથી ભાગીને કશું સરવાનું નથી-પણ કોરોના સામે ટકી જવાની હિમત પણ એટલી જ જરૂરી છે.

મારી પાસે આવતા કેન્સરનાં 90 ટકા લોકો એવું માની લેતા હોય છે કે કેન્સર થયું એટલે જીંદગી પૂરી થઇ ગઇ. આ દરેકને હું એવું સમજાવતો રહું છું કે-કેન્સર થાય એટલે જીંદગી પૂરી નથી થઇ જતી. બિમારી એક યુદ્ધ છે અને દરેક યુદ્ધ જો શિસ્તથી લડવામાં આવે તો ઓછા નુકશાન સાથે જીત સંભવ છે જ ! કોરોના સામેના યુદ્ધમાં શિસ્ત જરૂરી છે. ઘણાં લોકો એવું માની લે છે કે-એકવાર હોસ્પિટલમાં ગયા પછી ઘરે પાછા પરત નથી આવી શકાવાનું... 70 ટકા લંગ ઇન્વોલ્વમેન્ટ આવ્યું એટલે હવે બચી નથી શકાવાનું... આ સાચું નથી. કોરોના થયા પહેલા અને કોરોના થયા પછી શિસ્તની સખ્ત જરૂર છે. જો કોરોનાનું યુદ્ધ શિસ્તથી લડવામાં આવે તો કોરોનાને હરાવી જ શકાય છે.



**ડૉ. નિકુંજ વિઠલાણી**
તંત્રી સ્થાનેથી

આપણે ત્યાં આઇસોલેશન અને ક્વોરન્ટાઇનનાં નિયમોનું પાલન નથી થતું. પરિવારનાં એક સભ્યને કોરોના હોય-તો બાકીનાં સભ્યોએ આઇસોલેશનમાં રહેવું જરૂરી છે. માસ્ક પહેરવું જરૂરી છે. સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવું જરૂરી છે. વેક્સિન મૂકાવવી જરૂરી છે.

જ્યારે તમે-શિસ્ત ચૂકો છો ત્યારે એની કિંમત પણ ચૂકવવી પડે છે.

આજે હેલ્થ કેર-એક્સપ્રેસનું નામ 'પોઝિટીવ એક્સપ્રેસ' કર્યું છે. આ અંકમાં અમે કેટલીક એવી સ્ટોરીઝ લઇને આવ્યા છીએ-જે તમને કોરોના સામેનું યુદ્ધ લડવામાં મદદ કરશે. આ સ્ટોરીઝ તમને હિમત આપશે. આ સ્ટોરીઝ તમને કોરોના સામે લડતા શીખવશે. આ સ્ટોરીઝ તમને માસ્ક પહેરતા કરશે અને આ સ્ટોરીઝ તમને સોશિયલ ડિસ્ટન્સિંગનો સાચો અર્થ પણ સમજાવશે.

આ અંકમાં કોરોના સામેનું યુદ્ધ જીતી ગયેલા ગુજરાતીઓની વાત છે. એમનો સંઘર્ષ છે. કોરોનાનાં આંકડાઓ જાણવા જરૂરી છે-કારણ કે જે આપણને ઘરમાં રહેવા મજબૂર કરે છે. પણ-કોરોનાથી સાજા થયેલા દર્દીઓની વાત જાણવી પણ એટલી જ જરૂરી છે-કારણ કે એ આપણને કોરોના સામે ટકી રહેવા-લડવાનું બળ આપે છે.

આ સ્ટોરીઝ અમે જુદા-જુદા ન્યૂઝ પોર્ટલ પરથી લીધી છે અને એનું સંકલન કર્યું છે. કોરોનાને હરાવનાર ગુજરાતભરનાં વીરોને સલામ ! આફ્ટર-ઓલ, પોઝિટિવિટી કિલ્સ પોઝિવિટીવિટી... !




# સગર્ભાનાં ફેફસા 90 ટકા ઇન્ફેક્ટેડ હતા ડિલિવરી થઇ, બાળક-માતા બેઉ સ્વસ્થ

## માતાનું ઓક્સિજન લેવલ 70 થઇ ગયું હતું, વેન્ટિલેટરની જરૂરિયાત વચ્ચે શ્વેતા સિંઘની ડિલીવરી થઇ : મનની પોઝિટિવિટીએ માતા-બાળક બેઉને જીતાડ્યા...

**આ વાત ભરૂચની છે..**ભરૂચ જિલ્લાના અંકલેશ્વરના 34 વર્ષીય શ્વેતા સિંઘને સાત મહિનાનો ગર્ભ હતો ત્યારે જ કોરોના સંક્રમિત થયા. અંકલેશ્વરની હોસ્પિટલમાં તેમને ઓક્સિજન પર રાખ્યા, પરંતુ તેમની નબળાઇ વધતી ગઇ. એ વખતે બીજા બાળકોના મૃત્યુના સમાચારો સાંભળીને તેમને પણ ગર્ભસ્થ બાળકની ચિંતા થવા લાગી. છેવટે શ્વેતા સિંઘને વેન્ટિલેટરની જરૂર પડતા સુરતની હોસ્પિટલમાં ખસેડાયા. આ



દરમિયાન કોરોના સંક્રમણ ફેફસામાં 90% સુધી પ્રસરી ગયું અને ઓક્સિજન લેવલ પણ 90થી ઘટીને 70 થઇ ગયું. આ સ્થિતિમાં તેમણે ડોક્ટરની સારવાર, પરિવાર અને આસપાસના દર્દીઓના સહકારથી પુત્રીને જન્મ આપ્યો, જે બિલકુલ સ્વસ્થ છે. શ્વેતા સિંઘની પોઝિટિવિટીએ જ એમને જીતાડ્યા છે. કોરોના થયા બાદ પોઝિટિવ રહેવું અત્યંત જરૂરી છે. (ન્યૂઝ સ્ત્રોત : દિવ્ય ભાસ્કર)

# 90 ટકા ફેફસાં ડેમેજ પણ મરવું નથી એવું નક્કી કરેલું

## 90 ટકા ફેફસા ડેમેજ હતા, રોજ નજર સામે બે થી ત્રણ મૃતદેહ જોતી પણ મેં આત્મવિશ્વાસને ડગવા દીધો નહીં, આજે સંપૂર્ણ સ્વસ્થ

**આ વાત સુરતનાં ભાનુબેનની છે.** 90 ટકા ફેફસાં ડેમેજ પણ મરવું તો નથી જ, એવું નક્કી કરીને બેઠેલા 44 વર્ષનાં ભાનુબેને કોરોનાને હરાવી હિંમત પૂરી પાડે તેવો દાખલો બેસાડ્યો છે. અશ્વનિકુમારમાં રહેતા ભાનુબેન દિનેશભાઇ પટેલને 5મી એપ્રિલે શ્વાસની થોડી તકલીફ ઊભી થતાં ડોક્ટરને બતાવ્યું. 8મીએ કોરોના આવતા લાલ દરવાજાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા. સિટી સ્કેનમાં 70થી 80 ટકા અસર આવી હતી, જે ધીમે રહીને 90 ટકા પહોંચી. 8 એપ્રિલથી 4થી 5 લીટર ઓક્સિજન અપાતું હતું. બાદ 13 એપ્રિલથી 5 દિવસ ICUમાં લેવા પડ્યા હતા. ભાનુબેને એમનો આત્મવિશ્વાસ મજબૂત રાખ્યો હતો. મરવું તો નથી જ-એવું નક્કી કરીને બેઠેલા ભાનુબેને કોરોનાને મ્હાત આપી દીધી છે. (ન્યૂઝ સ્રોત : દિવ્ય ભાસ્કર)



### મનમાં ગાંઠ વાળી લીધી કે સારું થઇને જ ઘરે જવું છે

જ્યારથી હોસ્પિટલમાં દાખલ થયા ત્યારથી મનમાં ગાંઠ વાળી લીધી કે સારું થઇને જ ઘરે જવું છે. લોકો સમાજમાં ચાલી રહેલી વાતોનો માહોલ જોઇને હિંમત હારી જતા હોય છે પરંતુ હું તો દાખલ થઇ ત્યારથી જ મનમાં ગાંઠ વાળી લીધી કે કોઈ પણ સંજોગોમાં સાજા થઈને ઘરે જવું છે. મારી નજર સામે દરરોજ બેથી ત્રણ મૃતદેહ નીકળતા જોતી હતી છતાં પણ મારો આત્મવિશ્વાસ ડગ્યો નહીં. હું દરરોજ માતાજીને પ્રાર્થના કરતી હતી. મારા પરિવારનો પણ એટલો જ સપોર્ટ અને ઘરના બધા જ સભ્યો સાથે સગા-સંબંધી, મિત્રવર્તુળ બધા જ મારા માટે ભગવાનને પ્રાર્થના કરતા અને કેટલાક સ્નેહીજનોએ તો માનતા પણ માનેલી હતી.

### મુસાફરી કરાશે ત્યારે કુળદેવીના દર્શને જઇશ

જાતે હું હોસ્પિટલમાં દાખલ થઇ હતી. ત્યારથી મારા પતિ 24 કલાક મારી પાસે હાજર રહેતા. જ્યારે જે વસ્તુઓની જરૂર પડતી ત્યારે સગા-સંબંધીઓ પહોંચાડી દેતા અને ક્યારે કોઇ બાબતની ખામી રહી નથી. ડોક્ટર અને હોસ્પિટલ સ્ટાફ ખુબ જ કેર લેતા હતા. આમ કોરોનાને હરાવવામાં માત્ર મારો આત્મવિશ્વાસ જ નહીં પરંતુ પરિવારજનો સગા-સ્નેહીઓ મિત્રો અને હોસ્પિટલ સ્ટાફ દ્વારા મને ખુબ જ સપોર્ટ મળ્યો. તેને લીધે સાજી થઈને હું ઘરે આવી છું. મુસાફરી કરી શકાય ત્યારે સૌપ્રથમ અમરેલી જિલ્લાના ચલાલા પાસે અમારા કુળદેવીના દર્શન કરવા જઈશ.

### ભાનુબેન એમની હિંમતને કારણે જીતી ગયા

80થી 90 ટકા ફેફસા પર અસર હતી. આવા દર્દી પહેલેથી જ હિંમત હારી જતા હોય છે. દર્દી હિંમત હારી જાય પછી ડોક્ટરને સફળતા મળવી ખૂબ જ મુશ્કેલ હોય છે. જોકે, દરેક દર્દીને ટ્રીટમેન્ટ સરખી જ અપાતી હોય છે પરંતુ આ દર્દીની હિંમત જોરદાર હતી. અમારો હોસ્પિટલ સ્ટાફ જે કહેતા તે બધું કરતા, સપોર્ટ આપે તેવા દર્દી ઓછા હોય છે. ■ **ડો. દિપક ભડીયાદરા, ભાનુબેનનાં ડોક્ટર**

**"આખરે, COVID-19એ શીખવેલો સૌથી મોટો પાઠ માનવતાનો છે, આપણે બધા આ સાથે છીએ એ સૌથી વધારે મહત્વનું છે."**

**- કિરણ મઝુમદાર-શો**



## 22 સભ્યોના પરિવારમાંથી 15ને કોરોનાનો ચેપ લાગ્યો હતો

# સ્વાદુપિંડનાં કેન્સર સાથે ચાલુ કિમોથેરાપીએ કોરોનાને હરાવ્યો

### કિમોથેરાપી ચાલુ હતી એટલે ઇમ્યુનિટી ડાઉન હતી પણ મન મક્કમ હતું, પરિવારથી દૂર રહેવું ન્હોતું એટલે જલ્દી સાજા થવા બધા જ પ્રયત્નો કર્યા અને સાજી થઇ ગઇ

**આ વાત રાજકોટનાં ચંદ્રિકા વૈદ્યની છે.** ચંદ્રિકાબેન વૈદ્ય જણાવે છે, ‘મારી ઉંમર 63 વર્ષની છે. 2020માં સતત પેટમાં દુખાવો રહેતો હતો, જમી નહોતી શકતી. પરિવારની સલાહ માનીને મેં કેન્સરનો રિપોર્ટ કરાવ્યો. ઓગસ્ટ 2020માં સ્વાદુપિંડનું ત્રીજા સ્ટેજનું કેન્સરનું નિદાન થયું. હજુ એની સારવાર ચાલુ જ હતી. ત્યાં એપ્રિલ 2021માં કોરોના પોઝિટિવ આવ્યો. આમ, 9 માસમાં કેન્સર અને કોરોના બન્ને રોગનો ભોગ બની. મને, પરિવાર અને ડોક્ટરને સૌથી મોટો ભય એ હતો કે મારી રોગપ્રતિકારક શક્તિ સાવ નબળી હતી તો સંક્રમણ ફેફસાંમાં ફેલાય ન જાય. કોરોનાને કારણે પરિવારથી દૂર રહી તો ડિપ્રેશનમાં આવી ગઈ. પણ આ પળનો મેં હિંમતથી સામનો કર્યો અને જીતી ગઇ.

(દિવ્ય ભાસ્કર)



### વાળ ઉતરે એનું દુખના થાય એટલે કેન્સર થેરાપી પહેલા જાતે જ વાળ ઉતરાવી દીધેલા

આખી રાત ઊંઘ નહોતી આવતી. કેન્સરની થેરાપીમાં માથાના વાળ ઊતરી જાય છે. એ પરિસ્થિતિનો સામનો કરી શકું એ માટે થેરાપી પહેલાં જ મેં મારા વાળ કપાવી નાખ્યા. મને કોરોના ન થાય એ માટે મારા પરિવારે સતત કાળજી રાખી. આમ છતાં હું એનો ભોગ બની. પતિ પોઝિટિવ આવ્યાના બીજા જ દિવસે મારો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો. 22 સભ્યના પરિવારમાં 15 લોકો પોઝિટિવ થયા હતા. પરિવારના બીજા સભ્યો કોવિડ કેર સેન્ટરમાં આઈસોલેટેડ થયા. વર્ષોથી સંયુક્ત પરિવારમાં રહી છું. પહેલીવાર મારા પરિવારથી દૂર રહીને બન્ને રોગ સામે લડી.

### કિમોથેરાપી ચાલુ હતી એટલે ઇમ્યુનિટી ડાઉન હતી, હવે સંપૂર્ણ સાજી થઇ ગઇ છું

કિમોથેરાપીના 12 ડોઝ લીધા છે. કિમોથેરાપી ચાલુ હતી, તેથી રોગપ્રતિકારક શક્તિ સાવ નબળી પડી ગઈ હતી. સીઆરપી 20- 22ની વચ્ચે રહેતું હતું. આખો દિવસ રૂમમાં પુરાઈ રહેવું પડતું હતું. રૂમનો દરવાજો ખુલ્લો રાખતી હતી, જેથી કરીને મારા પરિવારના સભ્યોને આવતા-જતા જોઇ શકું. હોમ આઈસોલેશનનો એક-એક દિવસ કાઢવો મારા માટે મુશ્કેલ હતો. આખરે મારો હકારાત્મક અભિગમ, પરિવારના સાથ-સહકારથી આખરે હું આ બન્ને બીમારીમાંથી બહાર નીકળી ગઈ. અત્યારે હું નોર્મલ લાઈફ જીવી રહી છું અને નાનું-મોટું ઘરકામ પણ કરું છું.

**‘કોરોનાનાં સમયમાં આત્મ-નિર્ભર ભારતનો અર્થ એ છે કે દરેક વ્યક્તિ પોતાનો વ્યવસાય શરૂ કરી શકે, બહારની બ્રાન્ડ પર આધારિત રહેવા કરતા ભારતની સ્વદેશી બ્રાન્ડ પર આધારિત રહેવું વધારે સારું છે..’**

**- નિર્મલા સીતારામન, ફાયનાન્સ મિનિસ્ટર ઓફ ઇન્ડિયા**



## વેક્સિન લેવા ડોક્ટરોની અપીલ

# જો તમે વેક્સિન લીધી હશે તો વેન્ટિલેટરની જરૂર નહીં પડે...

**વેક્સિનનાં બંને ડોઝ લઇ લીધા હોય તો ગંભીર પ્રકારનો કોરોના થતો નથી, વેક્સિન લીધા પછી પણ કોરોના થાય છે તો આઇ.સી.યુમાં દાખલ થવું પડતું નથી, ઘરે રહીને જ સાજા થઇ શકાય છે**

**સુરત ।** કોરોનાની બીજી પીક આટલી ભયંકર સાબિત થઇ છતાં હજીપણ લોકોનાં મનમાં વેક્સિન અંગે પ્રશ્નો દેખાઇ રહ્યા છે. પણ-વેક્સિન મૂકાવવી ખુબ જરૂરી છે. 70 ટકા વસ્તી વેક્સિનેટેડ થશે પછી જ હર્ડ ઇમ્યુનિટી આવશે. વેક્સિન લીધા બાદ જો કોરોના થાય છે તો એ ગંભીરરૂપ ધારણ કરતો નથી. વેક્સિન લીધા પછી કોરોના થાય છે તો હોસ્પિટલાઇઝેશનની જરૂર પણ પડતી નથી. (ન્યૂઝ સ્ત્રોત : દિવ્ય ભાસ્કર)

## યુવાનો વેક્સિનની લીડ લે : ડૉ.નિકુંજ

અત્યારે વેક્સિન જ આપણને બચાવી શકે એમ છે, હું સૌ યુવાનોને અપીલ કરવા માંગું છું કે વેક્સિન લો, લોકો વધુને વધુ સંખ્યામાં વેક્સિન મૂકાવે એ માટે લિડ લો. વેક્સિનથી જ હર્ડ ઇમ્યુનિટી આવશે. ■ **ડો. નિકુંજ વિઠ્ઠલાણી, સુરત**

CLICK HERE

PLAY VIDEO

## વેક્સિનનાં 2 ડોઝ લીધા પછી કોરોના થયો, પણ ઘરે જ સારો થયો




વેક્સિનેશન કરાવવું ખૂબ જરૂરી છે. હું પોતે વેક્સિનના બે ડોઝ લીધા પછી કોરોના પોઝિટિવ આવ્યો હતો, પરંતુ એ લીધી હોવાના કારણે કોરોના સંક્રમણની અસર ખૂબ ઓછી જોવા મળી હતી અને હું ઘરે જ સારવાર લઈને સાજો થઈ ગયો હતો, તેથી આ મારો વ્યક્તિગત અનુભવ છે. હું તમને કહું છું કે વેક્સિનેશન કરાવવાથી કોરોના સંક્રમણમાંથી મુક્તિ મળી શકે છે. ■ **ડો.મહેન્દ્ર ચૌહાણ, સુરત**

## વેક્સિનનાં બે ડોઝ લીધા પછી વેન્ટિલેટરની જરૂર પડતી નથી



વેક્સિનની અફવાઓ પર ધ્યાન ન દેવું જોઈએ અને વેક્સિન લેવી જોઈએ. મેં અને મારા સમગ્ર પરિવારે વેક્સિન લીધી છે. મને બન્ને ડોઝ લીધા પછી કોવિડ થયો પણ માઇલ્ડ સિમ્પ્ટોમ્સ હતાં, જેમાં શરદી, ઉધરસ અને ગળામાં ખારાસ જેવાં લક્ષણો હતાં, પરંતુ આજે હું સ્વસ્થતા અનુભવું છું. વેક્સિન લીધા પછી કોઇને ICU કે વેન્ટિલેટરની જરૂરિયાત ઊભી થાય એવો સિરિયસ કોવિડ થતો નથી. અપીલ કરું છું. ■ **ડો. ચિરાગ માત્રાવડિયા, ઈમર્જન્સી મેડિસિનના વડા, વોકહાર્ટ્સ હોસ્પિટલ, રાજકોટ**

## વેક્સિન લીધા પછી કોરોના થાય તો રિકવરી ઝડપથી આવે છે



વેક્સિન કોરોના સામે લડવા માટે અત્યંત આવશ્યક છે. કોરોનાથી બચવા માટે એકમાત્ર ઉપાય કોરોના વેક્સિનેશન છે. કોરોનાની રસી લેવાથી કોરોના ફેલાવવાનું પ્રમાણ ઓછું થઈ જાય છે. વેક્સિન લીધા બાદ કોરોના થાય તો રિકવરી ઝડપી અને હોસ્પિટલમાં દાખલ થવાનું પ્રમાણ ખૂબ ઓછું છે. વેક્સિનેશનની આડઅસર થતી નથી. માસ્ક, સેનિટાઇઝેશન અને સોશિયલ ડિસ્ટન્સ જરૂરી છે. ■ **ડો.મમતા શાહ, કોસ્મેટોલોજિસ્ટ, અમદાવાદ**

## વેક્સિન ગંભીર કોરોના સામે 99 ટકા પ્રોટેક્શન આપે છે



કોરોના વેક્સિન દરેક લોકોએ લેવી જ જોઈએ. વેક્સિન લેવાથી કોરોનાથી બચી શકાય છે. વેક્સિન લેવાને કારણે સામાન્ય કોરોનાથી 70 ટકા અને ગંભીર પ્રકારના કોરોનાથી 99 ટકા રક્ષણ મળે છે. વેક્સિન લેવાથી સામાન્ય આડઅસર જેવી કે તાવ આવવો, માથું દુખવું એવું થાય, પરંતુ એ થોડો સમય રહે છે, જેથી વિશ્વમાં ફેલાયેલા આવા ગંભીર કોરોનાના રોગ સામે સામાન્ય આડઅસરના કારણે વેક્સિન ન લેવી મોટી ભૂલ છે ■ **ડો.સુનીતા ત્રિવેદી, બાળરોગ નિષ્ણાંત, અમદાવાદ**

**કોરોના બાદ અર્થ તંત્રને મજબૂત કરવા શ્રેષ્ઠ સંસાધનો, શક્તિ અને પ્રતિભાની મદદથી શ્રેષ્ઠ ઉત્પાદનો બનાવીશું અને અમે અમારી સપ્લાય ચેઇનને આધુનિક બનાવીશું.**

**- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**




## સંક્રમિત પતિ-પત્નીનો અનોખો પ્રેમ

# 65% સંક્રમણ વચ્ચે 85% સંક્રમિત પત્નીને પતિએ સાજી કરી દીધી...

## પતિ-પત્ની સાથે ICUમાં દાખલ હતા, પત્ની ગંભીર થઇ જતા પતિએ ICUમાં જ પત્નીની કાળજી લઇ, એનાં મનોબળને મક્કમ કર્યું

**આ વાત ગાંધીનગરની છે.** પતિ-પત્નીનો સાથ સાત જન્મ સુધી બંધાયેલો હોય છે તેવી માન્યતા છે. જે જીવનની સારી અને નરસી તમામ પરિસ્થિતિમાં ગમે તે ભોગે સાથ આપે તેને જ જીવનસાથી કહેવાય છે. આવા સાથીના સહયોગના કારણે જીવનના ગમે તેટલી વિકટ પરિસ્થિતિ પણ સરળતાથી સામનો કરી શકાય છે. જીવનસાથીનો પરસ્પર પ્રેમનો આવો જ કિસ્સો અમદાવાદ સિવિલ હોસ્પિટલની કોવિડ ડેઝિગ્નેટેડ 1200 બેડ હોસ્પિટલમાં જોવા મળ્યો, જેમાં પતિ-પત્નીએ ગંભીર સ્થિતિમાં એકબીજાનું મનોબળ વધારીને સધિયારો આપ્યો અને એ રીતે સજોડે કોરોનાને હરાવ્યો છે. (ન્યૂઝ સ્રોત : દિવ્ય ભાસ્કર)





### પતિના 65 અને પત્નીના 85 ટકા ફેફસાં સંક્રમિત હતા

ગાંધીનગરના દંપતિ દિનેશભાઇઅને સુશીલાબેન મોદી કોરોનાથી સંક્રમિત થતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. સુશીલાબેન મોદીને ફેફસાંમાં કોરોનાનું સંક્રમણ 85 ટકા સુધીનું હોવાના કારણે તેઓને બાય-પેપ વેન્ટિલેટર પર રાખવાની પરિસ્થિતિ સર્જાઇ જ્યારે તેમના પતિ દિનેશભાઇ મોદીના ફેફસાંમાં પણ 65 ટકા જેટલું સંક્રમણ હોવાથી તેઓ એન.આર.બી.એમ. માસ્ક પર હતા.

### પત્નીના જમવા-પાણી સહિતનું ધ્યાન રાખતા

પત્નીની સ્થિતિ વધુ ગંભીર બની, જ્યારે પતિ સહેજ સામાન્ય સ્થિતિમાં હતા એ વખતે દિનેશભાઈ પોતાની પત્નીને માનસિક રીતે સશક્ત રાખવા તમામ પ્રયત્નો કરતા. સારવાર દરમિયાન પત્નીનો જુસ્સો થંભી ન જાય તે માટે તેઓનું મનોબળ વધારતા. ઘણા સમયે પત્ની જમવાનું કે પાણી પીવાની ના પાડે ત્યારે પોતાના હાથે પાણી પણ પીવડાવતા. પતિની આ હૂંફ અને સેવાભાવનાના કારણે પત્ની જીવી ગઇ.

### પત્ની સાજા થયા તો પતિની સ્થિતિ ગંભીર બની હતી

વળી એક પળ એવી પણ આવી કે સુશીલાબહેન જ્યારે સાજા થઇ રહ્યાં હતા ત્યારે તેમના પતિ દિનેશભાઇની સ્થિતિ થોડી ગંભીર બની. તે સમયે પત્ની સુશીલાબેન મોદીએ તેમને પીઠબળ આપીને તેમની સારવારની સાથે સાથે તેમને માનસિક રીતે સ્વસ્થ રાખવામાં અગત્યની ભૂમિકા ભજવી.જીવનના તમામ સંઘર્ષની જેમ જ કોરોનો વોર રૂમમાં પણ ખેલાયેલ સંઘર્ષમાં પણ આ દંપતિએ એકસંપ થઇને લડત આપી.

### પ્રોગ્રેસિવ સારવારને કારણે ઝડપથી સાજા થયા, બેઉનું મનોબળ પણ મક્કમ હતું

આ દંપતીની સારવાર કરનાર તબીબ ડો. કાર્તિકેય પરમારનુ કહેવુ છે કે, સુશીલાબેન મોદી જ્યારે 1200 બેડ હોસ્પિટલમાં સારવાર અર્થે આવ્યા ત્યારે તેમનું ઓક્સિજન સ્તર ઘટીને 60 સુધી પહોંચી ગયું હતુ. અને ફેફસાંના રિપોર્ટ કઢાવતા તેમાં 85 ટકા જેટલું સંક્રમણ જોવા મળ્યું હતુ. જેથી તેઓને ઇન્ટેન્સિવ કેર યુનિટમાં સારવાર આપવાની જરૂરિયાત ઉભી થઇ. પ્રોગ્રેસિવ સારવારના કારણે ઝડપી પરિણામો મળ્યા. તેમના પતિ દિનેશભાઇનું ઓક્સિજન સ્તર પણ 65થી 70 સુધી રહેતું હતું. તેમના ફેફસામાં 65 ટકા જેટલું સંક્રમણ હતુ. આ દંપતિ હવે હોસ્પિટલની સઘન સારવારના કારણે ખૂબ જ ઝડપભેર સાજું થઇ ઘરે પરત ફર્યું છે.

### સિવિલના સ્ટાફે અમારો આત્મવિશ્વાસ ટકાવી રાખ્યો, જેને કારણે અમે સાજા થયા

દિનેશભાઇ મોદીએ સાજા થઈને ઘરે જતી વેળાએ લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, 1200 બેડ હોસ્પિટલના આરોગ્ય સ્ટાફના હકારાત્મક વલણે અમારો આત્મવિશ્વાસ ટકાવી રાખ્યો હતો. અહીંના તમામ સ્ટાફ મિત્રો ખુબ જ સહાયરૂપ છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો જે. વી.મોદી પોતે પણ વોર્ડમાં રાઉન્ડ દરમ્યાન અમારી સાથે વાત કરી મનોબળ વધારતા હતા. હોસ્પિટલમાં મળતું ભોજન ખુબ જ સાત્વિક હતું. હોસ્પિટલની સ્વચ્છતા પણ અવિસ્મરણીય હતી. હોસ્પિટલમાં મળતી તમામ પ્રકારની સુવિધા અને સઘન સારવાર ના કારણે જ અમે અતિ ગંભીર પરિસ્થિતિમાંથી બહાર આવીને સાજા થયા છીએ.

## જીવવાની જીદ કરો તો કોરોનાએ ઘૂંટણો ટેકવવા જ પડે

# ડાયાબિટીસ સાથે 92 વર્ષનાં દાદાએ કોરોનાને હરાવી દીધો

## 92 વર્ષના પતિ-82ની વયના પત્નીનું મનોબળ કામ કરી ગયું, ઓક્સિજન લેવલ ડાઉન હોવા છતા કોરોનામાંથી સાજા

**આ વાત ભૂજની છે..** ભુજના એક વૃદ્ધ દંપતીએ આવી રીતે મજબૂત મનોદશા સાથે 20 દિવસ હોસ્પિટલમાં સારવાર લઇને કોરોના સામેનો જંગ જીત્યો છે. એમનું ઓક્સિજન લેવલ નીચે જતું રહ્યું પણ એમનું મનોબળ એવું ને એવું જ મક્કમ રહ્યું. એમણે નક્કી કરી લીધેલું કે મરવું તો કોરોનાથી તો નહીં જ ! એમનાં મક્કમ મનોબળ અને પોઝિટિવ એટીટ્યુડને કારણે કોરોના વચ્ચેથી એ ઝડપથી સાજા થઇ શક્યા. કોરોનાથી જીતવા માટે પોઝિટિવિટી બહુ જ અગત્યનો રોલ ભજવે છે એ આ કિસ્સા પરથી સમજી શકાય છે.

(ન્યૂઝ સ્રોત : દિવ્ય ભાસ્કર)



### 92 વર્ષની ઉંમર સાથે ડાયાબિટીસ પણ હતો

92 વર્ષના શામજીભાઇ ગોપાલભાઇ માહેશ્વરી અને 82ની વયના તેમના પત્ની કલાવતીબેનને કોવિડના લક્ષણો જણાતાં પરીક્ષણ કરાવ્યું હતું. જેમાં બંને સંક્રમિત હોવાનો રિપોર્ટ આવ્યો હતો. આ તકે માનસિક રીતે પડી ભાંગવાના બદલે બંનેએ સારવારથી સ્વસ્થ થઇ જશું તેવું દ્રઢ મનોબળ કેળવ્યું અને તે કરી પણ બતાવ્યું છે. વિસ્તૃત માહિતી આપતાં તેમના પુત્ર ચંદુભાઇ માહેશ્વરીએ કહ્યું હતું કે, પ્રથમ માતાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમને ભુજની અદાણી સંચાલિત જનરલ હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. બે દિવસ બાદ પિતાની તબિયત લથડી હતી અને ઓક્સિજન લેવલ 90 જેટલું નીચું થઇ ગયું હતું. ડાયાબિટીસની બીમારી હોતાં તેમને પણ જનરલ હોસ્પિટલમાં જ ખસેડાયા હતા.

### ડોક્ટર્સ અને નર્સે જીવવાનો ઉત્સાહ વધારી આપ્યો હતો

એક તકે તો પિતા બચશે કે કેમ તેવી ચિંતા પરિવારને સતાવતી હતી પણ તબીબોએ આપેલી સારવાર રંગ લાવી હતી અને વૃદ્ધ માતા-પિતા સાજા થઇ જતા હોસ્પિટલમાંથી રજા અપાઇ છે અને પરિવાર સાથે જીવનનો આનંદ લઇ રહ્યા છે. વૃદ્ધ દંપતીના કહેવા મુજબ ડોક્ટર્સનાં માર્ગદર્શન તળે ઉત્કૃષ્ટ સારવાર આપવામાં આવી અને નર્સિંગ સ્ટાફે પણ ઘરના વડીલોની જેમ સાચવ્યા જેના લીધે બીમારીને હરાવવામાં મોટો સહારો મળ્યો હતો. પપ્પુભાઇ, જયંતીભાઇ સહિતના જ્ઞાતિજનોનો પણ તેમણે આભાર માન્યો હતો.

### દાદા કહે છે કોરોના સામે લડવા મનોબળ મજબૂત રાખો

ચંદુભાઇએ પોતાના પિતાની વાતને ટાંકતા કહ્યું હતું કે, મજબૂત મનોબળ સાથે કોરોના સામે લડવાનો તેઓ સંદેશ આપે છે. રિપોર્ટ આવતાંની સાથે જ મોટા ભાગના લોકો હતોત્સાહી અને માનસિક રીતે ભાંગી પડે છે જેને લઇને બીમારી શરીર પર સવાર થઇ જાય છે. કોવિડનું નામ પડતાંજ ગભરાઇ જવાના બદલે તે એક રોગ છે જેની સામે લડી લઇશું તેવું મન મક્કમ કરવું જોઇએ. કોરોના સામે જીતવું હોય તો મનની પોઝિટિવિટી સૌથી વધારે કામમાં આવે છે. ઓક્સિજન લેવલ નીચું જતું રહે તો ડરો નહીં અને તરત જ સારવાર લો.

### કોરોના સામે શિસ્ત જાળવવું પણ એટલું જ જરૂરી છે

92 વર્ષે પણ નિયમિત વ્યાયામ અને પોતાની વ્યાપારિક પેઢીનું નામું લખતા શામજીભાઇના બે પુત્રો પણ કોવિડથી સંક્રમિત હતા અને હોમ-આઇસોલેશનમાં હતા. શામજીભાઇનાં જણાવ્યા અનુસાર-મક્કમતાથી જો કોરોનાનો સામનો કરવામાં આવે તો આ લડાઇ જીતી જ શકાય છે. પણ આ લડાઇમાં શિસ્ત પાળવું જરૂરી છે. જો તમે શિસ્તમાં રહેશો-માસ્ક પહેરશો, સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવશો અને તમારા ડોક્ટરે કહેલા તમામ સૂચનોને અનુસરશો તો કોરોનાનો આ જંગ પણ જીતી જશો.

### આ દિકરીની આ વાત તમને કારણ વિના ઘરની બહાર નહીં જવા દે


# ખોટું બોલી પપ્પાને બચાવ્યા, હવે સાચું કહી તમને બચાવવા છે...

## મમ્મી-પપ્પા બેઉ જુદી હોસ્પિટલમાં હતા, મમ્મી ગુજરી ગઇ-હોસ્પિટલમાં દાખલ પપ્પાને 5 દિવસ સુધી 'મમ્મી સારી થઇ ગઇ' એવું જુઠું બોલતી રહી

**સુરત ।** હું 'મમ્મીને કેવું છે?', 'એણે ખાધું?', 'એની સાથે વિડીયોકોલ કરાવ ને..!', 'એને ક્યારે રજા આપશે? - પપ્પા રોજ આવા સવાલો પૂછે.

'મમ્મીને સારું છે. હવે તો ઓક્સિજન પણ હટાવી લીધો છે..', 'એ ખાતી ન્હોતી-તમારા સમ આપ્યા તો થોડું ખાધું..', 'ડોક્ટર કહે છે કે-હજી ત્રણ-ચાર દિવસ હોસ્પિટલમાં રાખવી પડશે', 'વિડીયો-કોલ તો કરાવું પણ પછી તમને જોઇને મમ્મી ઇમોશનલ થઇ જશે-એનાં કરતા રહેવા દો ને..!' હું રોજ પપ્પાને આવા જવાબો આપું-પછી વિડીયોકોલ કટ કરી-ખૂબ રડું. આટલા આત્મવિશ્વાસ સાથે હું જીવનમાં પહેલીવાર જુઠું બોલી અને સતત પાંચ દિવસ જુઠું બોલતી રહી.

છેલ્લા વીસ દિવસ મારી જીંદગીમાં કોઇ દોજખની જેમ વીત્યા છે. ઇશ્વરને બે હાથ જોડીને પ્રાર્થના કરું છું કે કોઇપણ દીકરીને આવા દિવસો ક્યારેય નહીં બતાવતો. સૌથી પહેલા મારા પપ્પા કોરોના પોઝિટીવ આવ્યા. એમની તબિયત બગડી. ઓક્સિજન સેચ્યુરેશન ઓછું થયું એટલે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. કેટલી ઓળખાણો લગાવી ત્યારે માંડ-માંડ પપ્પા માટે બેડ મળ્યો. પપ્પાને હોસ્પિટલમાં દાખલ કર્યા એનાં બીજા દિવસે મમ્મીનો રિપોર્ટ પણ પોઝિટીવ આવ્યો. મમ્મી ખાસ્સી એવી સ્વસ્થ હતી. એને કોઇ જ સિમ્ટમ્સ ન્હોતા-એટલે એને હોમ-ક્વોરન્ટાઇન કરેલી. મમ્મી-પપ્પાને અમે બે દિકરીઓ જ. અમે નાના હતા ત્યારે ઘણાં લોકો અમને પૂછતાં-તમને ભાઇ નથી? અમે બંને બહેનોએ ત્યારનું નક્કી કરી લીધેલું-કે અમે એકબીજાની બહેનો નથી-ભાઇઓ જ છીએ. મારી બહેન ઘરે મમ્મીનું ધ્યાન રાખે અને હું પપ્પાની હોસ્પિટલમાં નીચે ઊભી રહું. મમ્મીને ન તો તાવ, ન તો હાંફ ચડે. ઓક્સિજન પણ 96-97 રહે. ત્યાં જ મમ્મીને અચાનક ડાયેરિયા થયા. ડાયેરિયા થયા કે તરત જ એનું ઓક્સિજન સેચ્યુરેશન 96 પરથી સીધું 76 પર આવી ગયું. જીવનમાં એક સાથે બે



**ખ્યાતિ શાહ સાથે થયેલી વાત પ્રમાણે...**

ઇમરજન્સી ઊભી થઇ-મેડિકલ ઇમરજન્સી અને ઇમોશનલ ઇમરજન્સી...! ક્યાંય બેડ ન મળે. કેટલા લોકોને ફોન પર કરગર્યા, કેટલી હોસ્પિટલોમાં દોડયા. કેટલા કલાકોની જહેમત બાદ એક પ્રાઇવેટ હોસ્પિટલમાં બેડ મળ્યો. મમ્મીનાં રિપોર્ટ નીકળ્યા. ઇશ્વરે પગ નીચેથી જમીન તો ખસાડી જ લીધી પણ માથેનું આભ પણ ફાડી નાંખ્યું. મમ્મીને 80 ટકા લંગ ઇન્વોલ્વમેન્ટ હતું ! કોઇપણ સિમ્ટમ્સ વિના ! ફરી એક કસરત શરૂ થઇ-રેમડેસિવીર અને ટોસિલિઝુમાબ શોધવાની. માંડ-માંડ એ પણ પાર પાડી. એકબાજુ પપ્પા હોસ્પિટલમાં અને બીજી બાજુ મમ્મી પણ ! પપ્પાને ખાલી એટલું જ કહેલું કે મમ્મીને પણ હોસ્પિટલમાં દાખલ કરી છે-તબિયત સારી છે. મમ્મી 15 લિટર ઓક્સિજન પર હતી. એ પણ ઓછો પડી રહ્યો હતો. ડોક્ટરે વેન્ટિલેટર પર મૂકવાનું કહ્યું.

જ્યાં એને દાખલ કરેલી એ હોસ્પિટલમાં વેન્ટીલેટર હતું નહીં-એટલે સિવિલમાં શિફ્ટ કરી. જેટલા ડોક્ટર ઓળખતા હતા-એ દરેકને મમ્મીનાં રિપોર્ટ્સ મોકલ્યા. દરેકે એક જ જવાબ આપ્યો-અઘરું છે-ઇશ્વરને પ્રાર્થના કરો. એકબાજુ મમ્મીની તબિયત લથડતી જાય અને બીજી બાજુ અમે હસતે મોઢે પપ્પાને કહીએ-મમ્મીની તબિયત સુધરી રહી છે. આવું બે-ત્રણ દિવસ ચાલ્યું અને મમ્મી જતી રહી...પ્લાસ્ટિકની ડેથ કીટમાં એ અમારી સામે સૂતી હતી ત્યારે અમે બંને બહેનો ધ્રુજી ગયેલી. મમ્મી-પપ્પાનાં ડોક્ટર એક જ હતા-એમણે કહેલું-પપ્પાને ના કહેતા. એકબાજુ મમ્મીની અંતિમવિધિ ચાલી રહી હતી અને બીજી બાજુ મોઢું હસતું રાખી પપ્પા સાથે વિડીયો કોલ પર વાત કરી કહી રહ્યા હતા-આજે મમ્મીને એકદમ સારું થઇ ગયું છે...હવે તમે મમ્મીની ચિંતા કરતા નહીં !

મમ્મીનાં જતા રહ્યા પછી પાંચમા દિવસે પપ્પાને ડિસ્ચાર્જ મળ્યો. ત્યાં સુધી અમારો જૂઠનો સિલસિલો ચાલુ રહ્યો. હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લઇને પપ્પા ઘરે આવ્યા-ત્યારે એમણે સૌથી પહેલો સવાલ કર્યો-મમ્મી ક્યાં? અમે મમ્મીનાં ફોટા તરફ આંગળી ચીંધી.... અને અમે ત્રણેય રડ્યા. ખૂબ રડ્યા.

હું ઇચ્છું છું કે-ઇશ્વર કોઇપણ દિકરીનાં જીવનમાં આવી કટોકટી ક્યારેય ઊભી નહીં કરે. કારણ કે જુઠું બોલવું બહુ જ અઘરું હોય છે.

મમ્મીને મોતનાં મુખમાં જતા જોઇ-અને પપ્પાને મોતનાં મુખમાંથી પાછા આવતા જોઇ-અમે બંને દિકરીઓ તમામ દિકરી-દિકરાઓને એક જ અપીલ કરવા માંગીએ છીએ-માસ્ક પહેરો, સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવો. અમે અગ્નિપરીક્ષા આપી-તમારે ન આપવી પડે એનું ધ્યાન રાખો.

(ન્યૂઝ સ્ત્રોત : અનન્ય સિટી)

## મમ્મી-પપ્પા સાથે રહી ન શકાય એટલે હોસ્પિટલમાં નીચે ઊભી રહેતી આ બંને દિકરીઓએ પોઝિટિવિટીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું